દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સામયિક
FREE DISTRIBUTION

www.gyanvrudhi.info

DATE : 14-FEBRUARY-2019
THURSDAY
TOTAL PAGES : 4
RNI No : GUJGUJ/2016/71456

# જ્ઞાનવૃદ્ધિ

ન જાણતા હોવ તો જાણો, જાણતા હોવ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરો

GYAN VRUDHI : WEEKLY, EDITOR & PUBLISHER : HEMANT YOGESHBHAI JOSHI, YEAR : 3, VOLUME : 1, ISSUE : 58.

## ગુરૂ સંદેશ

### તો પાણી ફરી વળ્યું.

સાપને તો સાણસાથી જ પકડાય ને પકડ્યા પછી પણ દૂર ફેંકી દેવાય છે,
તેમ અવગુણનો તો સ્પર્શ જ ના થાય, સાણસાથી પકડી ફેંકી દેવો.
નિત્ય લાખ રૂપિયા લાવો પણ ભગવાનના ભક્તનું ઘસાતુ બોલો તો
પાણી ફરી વળ્યુ. દરેકની ખામી ટાળનારા ભગવાન છે.
બધા સેવા-ભક્તિ કરે છે તેમાં કંઈ ખામી હોય પણ આપણે આપણી ટાળવી છે.
આપણાથી બીજાને અસમાસ થાય એવો વિચાર ન હોવો જોઈએ.
વાણી ન હોવી જોઈએ ને
વર્તન ન હોવું જોઈએ.

**- પ.પૂ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.**

## તંત્રીસ્થાનેથી...

અમને આપ સૌ વાચકોને જણાવતાં આનંદ થાય છે કે 'જ્ઞાનવૃદ્ધિ' નામનુ આ સામયિક સર્વેને ઉપયોગી રહેશે અને દિન-પ્રતિદિન આવતી નવી માહિતીઓ, સમાચારો અને જાહેરાતો દ્વારા તમને માહિતગાર કરતુ રહેશે.

આ પુસ્તિકામાં જ્ઞાન અને બુદ્ધિ વધે તેવા કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, આરોગ્ય તથા એન્જીનીયરીંગ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી માહિતીનો સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પુસ્તિકામાં ૨૫(પચીસ)થી પણ વધારે આવરી લેવાતા મલ્ટીમીડિયા રીલેટેડ સોફ્ટવેરનું માર્ગદર્શન આપવામાં આવશે જેમાં બધા જ પાના રંગીન હોવાના કારણે સરળતાથી સમજી શકાશે.

આજના યુગમાં ધંધા તથા વ્યવસાયની પરિભાષા બદલાઈ રહી છે. ઓફલાઈનથી માંડી ઓનલાઈન પર પણ ખરીદારો અને વ્યાપારીઓ ફંટાઈ રહ્યા છે, તેવામાં ઓનલાઈન ધંધા-વ્યવસાયની માહિતી કેવી રીતે મેળવવી અને મેનેજમેન્ટ કેવી રીતે કરવું, અને જે ધંધો કે વ્યવસાય કરો તેના કાયદા શું છે અને તેમાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર કેવી રીતે મદદરૂપ થાય છે તેની માહિતીનો સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવશે જે તમને ધંધા-વ્યવસાય કરવામાં મદદરૂપ રહેશે.

**- હેમંત યો. જોષી.**

**રૂપિયા કમાવાનો નવો માર્ગ...**
**www.rupiyakamao.com**
**સભ્યપદ વિનામૂલ્યે**
ગુજરાતી ભાષામાં જનરલ નોલેજની ક્વિઝ રમો, સરળ પ્રશ્નોનાં અન્ય કરતા વહેલા જવાબ આપો અને રોજ ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- થી લઈને રૂા. ૨૪૦/- કમાવાની તક.
**www.rupiyakamao.com**

આ માહિતીસભર સામયિક વિનામુલ્યે આપને મળ્યું હોવાથી તેને ધ્યાનથી વાંચશો. આ માહિતીસભર સામયિકમાંથી જો તમે શીખી લીધુ હોય અને તમારા માટે નકામી હોય તો તેને પસ્તીમાં કે કચરામાં કે ફાડી ન દેતા, એવા વ્યક્તિને આપજો કે જે આ પુસ્તિકાનો ઉપયોગ કરી શીખી શકે.

## પાના નં. ૨ પર

હવે નોકરીની ચિંતા છોડો સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ. એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો.

વધુ વાંચો પાના નં : ૨ પર...

## પાના નં. ૨ પર

દેવતાઓના શિલ્પકાર અને શિલ્પગ્રંથોના નિર્માતા ભગવાન વિશ્વકર્મા

વધુ વાંચો પાના નં : ૨ પર...

રાજ્યભરમાં આગામી ૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૯થી સુજલામ-સુફલામ જળ અભિયાન હાથ ધરાશે : નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

વધુ વાંચો પાના નં : ૨ પર...

હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.

## પાના નં. ૩ પર

મેવાડ રાજના શાસક દેવ એકલિંગજી ભગવાન

વધુ વાંચો પાના નં : ૩ પર...

સાંસ્કૃતિક વિવિધતાઓ ધરાવતો આપણો દેશ **ભારત**

વધુ વાંચો પાના નં : ૩ પર...

## પાના નં. ૩ પર

સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગ શું છે ?

વધુ વાંચો પાના નં : ૩ પર...

રાજ્યમાં આગામી જુલાઇ સુધી પીવાના પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ

વધુ વાંચો પાના નં : ૩ પર...

## પાના નં. ૪ પર

ગુજરાતને આદર્શ રાજ્ય-કલ્યાણકારી વ્યવસ્થાવાળું રાજ્ય બનાવવું છે : મુખ્યમંત્રીશ્રી

વધુ વાંચો પાના નં : ૪ પર...

www.rupiyakamao.com માં આવેલ e-store દ્વારા વિવિધ વસ્તુઓનું વેચાણ કરો અને રૂપિયા કમાઓ.
આ e-store માં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, વિવિધ બ્રાન્ડના મોબાઈલ તથા એસેસરીઝ, રેડીમેડ ગારમેન્ટ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ, કોસ્મેટીક્સ અને શૃંગારની આઈટમ્સ, ઘડિયાળો, બુક્સ, ફર્નિચર, ક્રોકરી આઈટમ્સ, હોમ એપ્લાયન્સીસ, ડેકોરેટીવ ઝુમ્મર નું વેચાણ કરી રૂપિયા કમાઈ શકશો.

## પાના નં. ૩ પર

રાજ્યના ૪૫ અસરગ્રસ્ત તથા ૫૧ દુષ્કાળગ્રસ્ત તાલુકાના ખેડુતોને રૂ.૧૦૧૦કરોડની ઈનપુટ સબસીડી ચુકવાઈ : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ

વધુ વાંચો પાના નં : ૩ પર...

**જ્ઞાનવૃદ્ધિ**

જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.
www.gyanvrudhi.info

રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
**સભ્યપદ વિનામૂલ્યે**
તમે જોડાઓ અને તમારા મિત્રોને, સગાંસબંધીને આ વેબસાઈટમાં જોડો અને રેફરલ ઈન્કમ કમાઓ
www.rupiyakamao.com

## પાના નં. ૨ પર

નાગરિકો-વાહન ચાલકો પોતાના ડ્રાઇવીંગ લાયસન્સ મુદત પૂરી થયાના ૩૬૫ દિવસ પહેલાં રીન્યુ કરી શકશે

વધુ વાંચો પાના નં : ૨ પર...

## પાના નં. ૪ પર

IITE ના શિક્ષકોની ખાડીના દેશોમાં ભારે માંગ એ રાજ્ય અને દેશ માટે ગૌરવ સમાન : રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી

વધુ વાંચો પાના નં : ૪ પર...

## પાના નં. ૪ પર

અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

વધુ વાંચો પાના નં : ૪ પર...

## પાના નં. ૪ પર

રાજ્યમાં વેપાર-રોજગાર મુક્તતા-ઇમાનદારીથી ચાલે તેવી નેમથી જનહિત નિર્ણયો કરીએ છીએ : મુખ્યમંત્રીશ્રી

વધુ વાંચો પાના નં : ૪ પર...

# હવે નોકરીની ચિંતા છોડો

**સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ.**

## એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો

**૧૪ ગ્રાફિક્સ અને એનિમેશનના સોફ્ટવેર-એપ્લીકેશન**

**૧૨ સપોર્ટેડ સોફ્ટવેર શીખવાની તક.**

### કોર્સના મુખ્ય ફાયદા :

૧.એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર, શરૂઆતનો પગાર રૂા. ૧૨,૦૦૦/-.
૨.લાયસન્સ વર્ઝન સોફ્ટવેર પર પ્રેક્ટીશ.
૩.હાઈ-કન્ફીગ્યુરેશનવાળી કોમ્પ્યુટર સીસ્ટમ. અધતન ટેક્નોલોજી ધરાવતા સાધનો.
૪.અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન.
૫.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૧૦% વધારો મળશે.
૬.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૫% કમિશન મળશે.
૭.પ્રથમ ૩૦ વિદ્યાર્થીને પ્રોફીટ શેરીંગનો લાભ.
૮.પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો સ્ટુડિયો સેટ-અપ.

### કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.કોલેજ કરતા વિદ્યાર્થીઓ
૨.ગૃહિણીઓ
૩.નોકરી કરવાની ઈચ્છા ધરાવતા તમામ.
૪.પોતાનો નવો ધંધો-વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તમામ.
૫.આઈ.ટી.આઈ, સાયન્સ, કોમર્સ,આર્ટસ, મેડીકલ, એન્જીનીયરીંગ કરતા તમામ.

કોર્સમાં જોડાવાની લાયકાત :
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ.

## વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161


વાહનવ્યવહાર વિભાગનો સ્તુત્ય પ્રયાસ

## નાગરિકો-વાહન ચાલકો પોતાના ડ્રાઈવીંગ લાયસન્સ મુદત પૂરી થયાના ૩૬૫ દિવસ પહેલાં રીન્યુ કરી શકશે

રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા સારથી-૪ સોફ્ટવેર અમલી બનાવાયું છે. જેના ભાગરૂપે, વેબવેઈઝ્ડ ઓનલાઈન પ્રથા શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત નાગરિકોના ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુઅલ, ડુપ્લીકેટ વગેરે કામગીરી ઓનલાઈન ડોક્યુમેન્ટ સબમીશન અને ઈ-પેમેન્ટ પ્રથા ફરજીયાત બનાવી છે. રાજ્યના નાગરિકો-વાહનચાલકો હવે ડ્રાઈવીંગ લાયસન્સની મુદત પૂર્ણ થયાના ૩૬૫ દિવસ પહેલાં સરળતાથી રીન્યુઅલ પ્રોસેસ કરી શકે છે એમ વાહન વ્યવહાર કમિશનરશ્રીની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

વાહનચાલકો ડ્રાઈવીંગ લાયસન્સ મુદત પૂર્ણ થયાના પાંચ વર્ષ સુધીમાં આ રીતે પોતાનું ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરાવવાની સગવડ પુરી પાડવામાં આવી રહી છે. ૫૦ વર્ષ કે તેનાથી વધુ ઉંમર ધરાવતા અરજદારોને ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરાવવા માટે તબીબી પ્રમાણપત્ર નિયત ફોર્મમાં ભરીને અપલોડ કરવાનું રહેશે. સમયમર્યાદાની અંદર ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરવાની અરજી કરવામાં આવે તે માટે રૂા.૪૦૦/-ની ફી ઠરાવવામાં આવી છે. મુદત વીતી જાય પછી એટલે કે, ડ્રાઈવીંગ લાયસન્સની સમયમર્યાદા પુર્ણ થયાના એક માસ પછી ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરવાની અરજી કરવામાં આવે તો પ્રતિ વર્ષ મોડું ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરવાના રૂા.૧૦૦/-ની વધારાની ફી ભરપાઈ કરવાની રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારનો વાહનવ્યવહાર વિભાગ રાજયમાં કાર્યદક્ષ વાહનવ્યવહાર કાર્યપદ્ધતિ અમલમાં આવે તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરે છે. જાહેર માર્ગો ઉપર ફરતાં વાહનોથી ફેલાતા પ્રદુષણ ઉપર નિયંત્રણ રાખવાની, ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવાની, વિવિધ વર્ગ હેઠળ નોંધાયેલ વાહનોને પરમીટ ઈસ્યુ કરવાની, રાજ્યની આવકનાં મુખ્ય સ્ત્રોત સમા વાહનકરની વસુલાત સહીતની અનેક મહત્વપૂર્ણસેવાઓ વાહનવ્યવહાર વિભાગ દ્વારા થઈ રહી છે.

**રાજ્યની તમામ કચેરીઓમાં ઓન લાઈન સુવિધા ઉપલબ્ધ**


**જ્ઞાનવૃદ્ધિ**

**જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.**

**www.gyanvrudhi.info**


## દેવતાઓના શિલ્પકાર અને શિલ્પગ્રંથોના નિર્માતા : ભગવાન વિશ્વકર્મા

વિશ્વકર્માને વાસ્તુશાસ્ત્ર તેમજ માનવ જીવન ઉપયોગી વિજ્ઞાનના પ્રણેતા માનવામાં આવે છે. વિશ્વકર્મા પુરાણનું પઠન, પાઠન પણ પુણ્યકારક મનાય છે. વિશ્વકર્મા વૈદિક દેવતાના રૂપમાં માન્ય છે, પરંતુ તેમનું પૌરાણિક સ્વરૂપ અલગ પ્રતીત થાય છે. સૃષ્ટિના પ્રારંભ કાળથી જ વિશ્વકર્મા તરફ સન્માનનો ભાવ રહ્યો છે. તેમને ગૃહસ્થ જેવી સંસ્થાઓ માટે આવશ્યક સુવિધાઓના કારક અને પ્રવર્તક માનવામાં આવે છે. વિશ્વકર્માને સૃષ્ટિના પ્રથમ પ્રવર્તક માનવામાં આવે છે.

વાસ્તુના અઢાર ઉપદેશકોમાંથી વિશ્વકર્માને પ્રમુખ માનવામાં આવે છે. ઉત્તરમાં જ નહીં દક્ષિણ ભારતમાં પણ જયાં 'મય'ના ગ્રંથોને સ્વીકૃત કરવામાં આવે છે. વિશ્વકર્માના મતમાં સહજ લોકમાન્યતા પ્રાપ્ત થાય છે. વરાહમિહિરે પણ કેટલીક જગ્યાએ તેમના મતોનો ઉલ્લેખ કર્યો છે.

### દેવતાઓના શિલ્પકાર

વિષ્ણુપુરાણના પહેલા અંશમાં વિશ્વકર્માને દેવતાઓના શિલ્પકાર માનવામાં આવે છે તથા શિલ્પાવતારના રૂપમાં યોગ્ય સન્માન આપવામાં આવ્યું છે. આવી માન્યતા અનેક પુરાણોમાં પણ જોવામાં આવે છે. જયારે શિલ્પગ્રંથોમાં તેમને સૃષ્ટિકર્તા માનવામાં આવ્યા છે. સ્કંદપુરાણમાં તેમને દેવભવનોના નિર્માતા કહ્યા છે. વિશ્વકર્મા શિલ્પકળામાં એટલા નિપુણ હતા કે, તેઓ જળ ઉપર માર્ગનું નિર્માણ કરી શકે છે. સૂર્યની માનવજીવનને નુકસાન કરતી જવાળાઓનો સંહાર પણ વિશ્વકર્માએ કર્યો હતો. રાજવલ્લભના વાસ્તુશાસ્ત્રમાં આ વાતનો ઉલ્લેખ જોવા મળે છે. આ ઉલ્લેખ અન્ય ગ્રંથોમાં પણ જોવા મળે છે. વિશ્વકર્મા કંબાસૂત્ર, જલપાત્ર, પુસ્તક અને જ્ઞાનસૂત્ર ધારણ કરે છે. હંસ ઉપર બિરાજમાન, સર્વસૃષ્ટિના ધરતા, શુભ મુકુટ તથા વૃદ્ધકાય જોવામાં આવે છે.

### શિલ્પગ્રંથોના નિર્માતા

વિશ્વના સૌથી પ્રથમ શિલ્પગ્રંથો 'વિશ્વકર્મીય ગ્રંથો' માનવામાં આવે છે. વિશ્વકર્માના ગ્રંથો સૌથી જૂના માનવામાં આવે છે. જેમાં કેવળ વાસ્તુશાસ્ત્ર જ નહીં પરંતુ રથ બનાવવા, રત્નોની જાણકારી, રત્નોનો ઉપયોગ વગેરે આપવામાં આવ્યું છે. 'વિશ્વકર્મા પ્રકાશ' જેને વાસ્તુતંત્ર પણ કહેવામાં આવે છે. આ વિશ્વકર્માના મતોનો જીવંત ગ્રંથ છે.

## રાજ્યભરમાં આગામી ૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૯થી સુજલામ-સુફલામ જળ અભિયાન હાથ ધરાશે : નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, રાજ્યમાં કુદરતી પાણીના સ્ત્રોત ઉંચા આવે તેમજ પાણીનો જળસંચય વધુને વધુ થાય જેનો લાભ નાગરીકો અને લાખો ખેડુતોને મળે તે આશયથી રાજ્યભરમાં આગામી ૧૫મી ફેબ્રુઆરી ૨૦૧૯થી સુજલામ-સુફલામ જળ અભિયાન ૨૦૧૯નું આયોજન હાથ ધરવામાં આવશે.

શ્રી પટેલે ઉમેર્યુ કે, જનભાગીદારી થકી ગત વર્ષે હાથ ધરાયેલ આ અભિયાનને મળેલ અપ્રતિમ પ્રતિસાદને પરિણામે ખુબ જ સારા પરિણામો પ્રાપ્ત થયાં છે તેનાથી પ્રેરાઈને આ વર્ષે પણ રાજ્ય સરકારે આ અભિયાન હાથ ધરવાનું આયોજન કર્યું છે. આ અભિયાનમાં ગત વર્ષે ૫૦ ટકા રાજ્યસરકારનો ફાળો તથા ૫૦ ટકા લોકફાળો લેવાયો હતો. નાગરીકોની માંગણીઓને ધ્યાને લઈને રાજય સરકારે ૬૦ ટકા ભંડોળ રાજ્યસરકારના ફંડમાંથી આપવાનું નક્કી કર્યું છે. અને ૪૦ ટકા ભંડોળ લોકફાળા દ્વારા એકત્રીત કરી આ અભિયાન હાથ ધરાશે.

તેમણે ઉમેર્યુ કે, આ અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, ઔધોગીક ગૃહો, શૈક્ષણિક સંસ્થાઓ, રાજ્ય સરકારના જાહેર સાહસો, એ.પી.એમ.સી. ધાર્મિક સંસ્થાઓના સહયોગથી મનરેગા યોજના હેઠળ વિવિધ કામો હાથ ધરાશે. જેમાં હયાત તળાવો ઉંડા કરવા, હયાત ચેક ડેમોનું ડીસીલ્ટીંગ,હયાતજળાશયો, નદીનું ડીસીલ્ટીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, તળાવોનાવેસ્ટ વિયરના રીપેરીંગ, નદીકાંઠા પર વૃક્ષારોપણ અને નદીઓના પ્રવાહને અવરોધરૂપ ગાંડાબાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા જેવા કામો હાથે ધરવામાં આવશે.

**આ અભિયાન અંતર્ગત રાજ્ય સરકારનું ૬૦ ટકા ભંડોળ તથા ૪૦ ટકા લોકફાળો લેવાશે**

# 'જ્ઞાનવૃદ્ધિ' સામયિકનો ઉપયોગ કેવી રીતે કરશો ?



(૧) તમને મળતા 'જ્ઞાનવૃદ્ધિ'ના તમામ અંકોને એક ફાઈલમાં ભેગા કરવા.
(૨) જે તે વિષયની માહિતી કે જાણકારીને ક્રમમાં ગોઠવીને વાંચવી.
(૩) જો કોઈ વખત તમને આ જ્ઞાનવૃદ્ધિ સામયિક તમને ન મળે તો 'જ્ઞાનવૃદ્ધિ' ની વેબસાઈટ પરથી પણ તમે જોઈ શકશો.
(૪) જ્ઞાનવૃદ્ધિ સામયિકને તમે મોબાઈલમાં પણ જોઈ શકાશે.

**www.gyanvrudhi.info**

# મેવાડ રાજના શાસક દેવ એકલિંગજી ભગવાન

એકલિંગજી ભગવાન શિવનું એક નામ છે. એકલિંગજી મેવાડ રાજના શાસક દેવ છે, અને મેવાડના રાજવી મહારાણાઓ તેમના દિવાન તરીકે નિયુક્ત થયા હોય તેવા ભાવથી રાજ કરતા આવ્યા છે. એકલિંગજીનું પ્રખ્યાત મંદિર ભારતનાં પશ્ચિમ ભાગમાં આવેલાં રાજસ્થાન રાજ્યનાં ઉદયપુર જિલ્લામાં આવેલું હિંદુ મંદિર સંકુલ છે. આ ઉપરાંત ત્રિવેદી મેવાડા, ભટ્ટ મેવાડા અને અન્ય મેવાડા બ્રાહ્મણોના પણ તે ઈષ્ટદેવ છે. અમદાવાદના સારંગપુર વિસ્તારની કોકડીયાની પોળમાં ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોની જ્ઞાતિનું એકલિંગજી ભગવાનનું મુખ્ય મંદિર આવેલું છે.

## ઇતિહાસ

ભગવાન શંકરનાં જ એક સ્વરૂપ એવા એકલિંગજીને અધિષ્ઠાતા દેવ તરીકે રાખીને તેમનાં આ મંદિરનું બાંધકામ ગોહિલ વંશજોએ (જે પછીથી મેવાડના સિસોદિયા કહેવાયા) ઈ.સ. ૯૭૧માં શરૂ કર્યું હતું. સુંદર નકશીકામ કરેલાં કુલ ૧૦૮ મંદિરો આ મંદિર સંકુલમાં બનાવ્યાં હતાં. મુખ્ય મંદિર, કે જેમાં ભગવાન એકલિંગજી બિરાજે છે તે પાછળથી ૧૫મી સદીમાં નિર્માણ પામેલું છે. આ મંદિર પહેલા નાશ પામેલા મંદિરનાં અવશેષોમાંથી મૂળ જગ્યાએ જ બનાવવામાં આવ્યું છે. ઊંચા કોટથી રક્ષાએલું આખું પરિસર આરસપહાણ અને ગ્રેનાઈટનાં પથ્થરોમાંથી બનાવવામાં આવ્યું છે. મુખ્ય મંદિર વિશાળકાય બે મજલા ઊંચા સ્તંભોથી શોભતા મંડપ (મંદિરનો અંદરનો ભાગ) અને ખુબજ ઝીણી નકશીવાળા અતિભવ્ય શિખરથી શોભાયમાન છે. મંદિરના ગર્ભગૃહમાં મધ્યે કાળા આરસનું બનેલું ભગવાન એકલિંગજીનું શિવલિંગ વિશાળ થાળામાં બિરાજે છે. આ શિવલિંગ તેના પ્રકારનું એક વિશિષ્ટ શિવલિંગ છે, કેમકે તે ચાર દિશામાં ચાર મુખ ધરાવે છે. પરિસરમાં આવેલું અન્ય એક મંદિર છે, લકુલીશ મંદિર જે ૯૭૧ની સાલમાં બાંધવામાં આવ્યું હતું, અને તે લકુલીશ સંપ્રદાયનું સમગ્ર ભારતમાં એકમાત્ર મંદિર છે.

## સ્થાન

ઉદયપુરથી ૨૨ કિમી ઉત્તરે સ્થિત એકલિંગજી બસ કે અન્ય વાહન મારફતે સડકમાર્ગે સહેલાઈથી પહોંચી શકાય તેમ છે. ઉદયપુરથી રાજસ્થાનનાં જ અન્ય એક પ્રખ્યાત યાત્રાધામ શ્રીનાથજી જતાં રસ્તા પર જ આવેલું છે. યાત્રાળુઓને અહીં પહોંચવા માટે રાજસ્થાન રાજ્ય પરિવહન નિગમની બસો ઉદયપુર કે રાજસ્થાનના અન્ય મહત્વનાં સ્થળોએથી તથા ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર નિગમની (એસ.ટી.) બસો પણ અમદાવાદ, હિંમતનગર વગેરે શહેરોથી આસાનીથી મળી રહે છે.

## વિશેષતા

આખું મંદિર પરિસર મેવાડના રાજપરિવાર હસ્તક છે, અને તેઓજ મંદિરના ટ્રસ્ટનાં મુખ્ય ટ્રસ્ટીઓ છે. મુળભૂત રીતે આ મંદિર રાજ પરિવારનું અંગત મંદિર છે જે જાહેર જનતાને માટે ખુલ્લું મુકવામાં આવેલું છે. એક માન્યતા પ્રમાણે તેનું અસ્તિત્વ ઈ.સ. ૭૩૪થી છે. દર સોમવારે સાંજે ઉદયપુરનાં મહારાજા મંદિરે દર્શન કરવા આવે છે.

મંદિરમાં મેવાડના મહારાજા, રાજપરિવાર અને મંદિરનાં પુજારી સિવાય અન્ય કોઈને પૂજા કરવાની પરવાનગી નથી. એકલિંગજીની આસપાસ અન્ય શિવ મંદિરો પણ આવેલાં છે. આ ઉપરાંત નજીકમાં આવેલા નાગદામાં પ્રખ્યાત સાસ-બહુ અને અદ્ભુતજીનાં મંદિરો આવેલાં છે. સાસ-બહુ મંદિર તેની સુંદર કોતરણી માટે પ્રખ્યાત છે, જેમાં રામાયણનાં અનેક પ્રસંગો કંડારવામાં આવ્યાં છે.

## અગત્યના ઉત્સવો

એકલિંગજી પાટોત્સવ

ફાગણ વદ ચૌદસના દિવસે રાજસ્થાનના મૂળ એકલિંગજી મંદિરમાં ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવે છે. જ્યાં જ્યાં મેવાડા બ્રાહ્મણો વસે છે ત્યાં ત્યાં પણ આ દિવસ ધામધૂમથી મનાવવામાં આવે છે. અમદાવાદમાં સારંગપુર વિસ્તારમાં આવેલી કોકડીયાની પોળમાં અને રાયપુર દરવાજા બહાર એમ બે એકલિંગજીના મંદિરો આવેલા છે. ત્રિવેદી મેવાડા અને ભટ્ટ મેવાડા બ્રાહ્મણો આ દિવસે ભગવાનના ચલિત વિગ્રહને પાલખીમાં બેસાડી ધામધૂમથી નગર યાત્રા કાઢે છે.

# સાંસ્કૃતિક વિવિધતાઓ ધરાવતો આપણો દેશ : ભારત

ભારતીય ગણરાજ્ય એ અનેક સાંસ્કૃતિક વિવિધતાઓ ધરાવતો દક્ષિણ એશિયા માં સ્થિત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. આ સાથે ભારત ક્ષેત્રફળ પ્રમાણે વિશ્વમાં સાતમા નંબરનો અને વસ્તી ગણના પ્રમાણે બીજા નંબરનો દેશ છે. ભારતના એક અબજથી પણ વધુ નાગરિકો આશરે ચારસો જેટલી જુદી-જુદી ભાષાઓ બોલે છે. ભારત, ખરીદ શક્તિ ક્ષમતા પ્રમાણે દુનિયાનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર, અને દુનિયાનું બીજું સૌથી ઝડપથી આગળ વધી રહેલું અર્થતંત્ર છે. આર્થીક સુધારાઓને કારણે છેલ્લા ૨૦ વર્ષમાં ભારતનું વિશ્વભરમાં એક મોકાના સ્થાન તરીકેનું મહત્વ ઘણું વધ્યું છે.

એશિયામાં મોકાના સ્થાન પર આવેલો, ભારતીય ઉપખંડના મોટા ભાગ પર છવાયેલો, ભારત દેશ મોટી સંખ્યામાં ઘણા વ્યસ્ત વેપારી માર્ગો ધરાવે છે. તેની સરહદો તેને પાકિસ્તાન, ચીન, મ્યાનમાર, બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન, અને અફઘાનિસ્તાન૧ સાથે જોડે છે. શ્રીલંકા, માલદીવ્સ ટાપુઓ અને ઈન્ડોનેશિયા, હિંદ મહાસાગરમાં ભારતની નજીક આવેલા દેશો છે. દુનિયાની કેટલીક પ્રાચીનતમ સંસ્કૃતિઓના ઘર એવા ભારત દેશે ૧૯૪૭માં લગભગ ૧૯૦ વર્ષના બ્રિટિશશાસનમાંથી અહિંસક માર્ગે આઝાદી મેળવી.

ભારતમાં ઐતિહાસિક સિંધુ ખીણની સંસ્કૃતિ ઉદભવી હતી. વિશ્વના પ્રમુખ ધર્મો પૈકી ચાર એવાં હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ ધર્મનો ઉદભવ પણ ભારતમાં થયો હતો. આ ઉપરાંત પારસીધર્મ અને અન્ય અબ્રાહ્મણીય ધર્મો જેવાં કે ઈસ્લામ, ખ્રિસ્તી, અને યહૂદી ધર્મો આશરે ઈસુની પહેલી સદીની આસપાસ ભારતમાં આવ્યાં. આ બધાંધર્મોએ ભારતની સંસ્કૃતિ પર પોતાનો પ્રભાવ પાડ્યો અને તેને વધુ સમૃદ્ધ બનાવી.

ભારત ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાસીત પ્રદેશોનું બનેલું એક ગણરાજ્ય છે. ભારત ધર્મ, જાતિ, ભાષા અને સંસ્કૃતિની વિવિધતા ધરાવતો એક વિશાળ સમાજ છે. 'અનેકતામાં એકતા' અને વિવિધતા એ ભારતની આગવી ઓળખ છે.

ભારતનું નામ

આ દેશની મોટાભાગની સ્થાનિકભાષાઓમાં ભારતના નામે ઓળખાય છે. શકુંતલા અને દુષ્યંતના પુત્ર ભરતના નામે આ દેશ ભારત તરીકે ઓળખાય છે. ભરત રાજા અત્યંત પરાક્રમી હતાં અને તેમણે અનેક દિગ્વિજયો કર્યા હતાં.

જોકે આંતરાષ્ટ્રીય સ્તરે ભારત 'ઈન્ડીયા'ના નામે વધુ ઓળખાય છે. ભારતનાં બંધારણની કલમ ૧ મુજબ આ દેશને 'ભારત'અથવા 'ઈન્ડીયા' નામે ઓળખાશે.

વધુ આવતા અંકે...

# સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગ શું છે ?

સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગ એક માનસિક રમત છે જે સામાન્ય રીતે ઈન્ટરનેટ અથવા સ્થાનિક નેટવર્ક પર યોજાય છે, જેમાં સ્પર્ધકોને આપેલ શરતો (કે વર્ણન) મુજબનો પ્રોગ્રામ બનાવવાનો હોય છે. આ સ્પર્ધકોને રમતવીર પ્રોગ્રામર કહે છે. **Google, Facebook and IBM** જેવી ઘણી બહુરાષ્ટ્રીય સોફ્ટવેર અને ઈન્ટરનેટ કંપનીઓ દ્વારા સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગને ઓળખવામાં આવે છે અને આધાર આપવામાં આવે છે. ઘણી સંસ્થાઓ (વેબસાઈટો) નિયમિતપણે આવી પ્રોગ્રામિંગ સ્પર્ધાઓ યોજે છે.

પ્રોગ્રામિંગ સ્પર્ધામાં સામાન્ય રીતે યજમાન તાર્કિક કે ગાણિતિક કોયડાઓ સ્પર્ધકો (જેમની સંખ્યા ૧૦થી હજારો હોઈ શકે) સમક્ષ રજુ કરે છે, અને સ્પર્ધકોએ દરેક કોયડો ઉકેલી શકતો કમ્પ્યુટર પ્રોગ્રામ લખવાનો હોય છે. તેમાં ઉકેલેલ કોયડાઓની સંખ્યા અને સફળ ઉકેલ લખવામાં લાગેલા સમય પરથી સામાન્ય રીતે ચુકાદો અપાય છે, પરંતુ ક્યારેક અન્ય પરીબળ (જેમ કે આઉટપૂટની ગુણવત્તા, પ્રોગ્રામને ચાલવામાં લાગેલો સમય, પ્રોગ્રામનું કદ વગેરે)ને પણ ધ્યાનમાં લેવાતાં હોય છે.

## ઈતિહાસ

સૌથી જૂની જ્ઞાત સ્પર્ધાઓમાં એક **ACM ICPC** છે જે ૧૯૭૦ના દાયકામાં શરુ થઈ હતી, અને ૨૦૧૧ સુધીમાં ૮૮ દેશોમાં પ્રસરી છે. ઈ.સ. ૨૦૦૦ની સાલથી સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગમાં રસ દાખવવાનું વલણ બહુ વધ્યું છે, જેનો ઈન્ટરનેટના વિકાસ સાથે ઊંડો સંબંધ છે, જે ભૌગોલિક પ્રશ્નોને દૂર કરીને, ઓનલાઈન આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ ગોઠવવામાં મદદરૂપ થાય છે.

## સામાન્ય પરિચય

સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગનો ધ્યેય, આપેલા કોયડાઓને ઉકેલી શકે તેવા કમ્પ્યુટર પ્રોગ્રામનો સોર્સ કોડ લખવાનો હોય છે. પ્રોગ્રામિંગ સ્પર્ધાઓમાં આવતાં કોયડાઓમાંથી મોટા ભાગના કોયડાઓ (સ્વભાવે) ગાણિતિક કે તાર્કિક હોય છે. તેવા કોયડાઓ લાક્ષણિક રીતે નીચેનામાંથી કોઈ એક વર્ગના હોય છે: ક્રમચય-સંચયનું વિજ્ઞાન, અંક સિદ્ધાંત, ગ્રાફ સિદ્ધાંત, ભૂમિતિ, લખાણ (સ્ટ્રીંગ)નું વિશ્લેષણ **and** માહિતી માળખાં . કેટલીક સ્પર્ધાઓમાં કૃત્રિમ બુદ્ધિમત્તાને લગતાં કોયડા પણ પ્રચલિત છે.

વધુ આવતા અંકે...

# રાજ્યના ૪૫ અસરગ્રસ્ત તથા ૫૧ દુષ્કાળગ્રસ્ત તાલુકાના ખેડુતોને રૂ.૧૦૧૦ કરોડની ઈનપુટ સબસીડી ચુકવાઈ: નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, ખેડુતોની હિતને વરેલી રાજ્યસરકારે અનેકવિધ ખેડુતલક્ષી નિર્ણયો કરીને ખેડુતોને સહાય પુરી પાડી છે. તદ્ અનુસાર રાજ્યના ૪૫ અસરગ્રસ્ત તથા ૫૧ દુષ્કાળગ્રસ્ત તાલુકાના ખેડુતોને રૂ.૧૦૧૦ કરોડની ઈનપુટ સબસીડી ચુકવી દેવામાં આવી છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોના ખેડૂત ખાતેદારોને સબસિડી ઝડપથી ચૂકવવા માટે ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ૫૧ તાલુકાના ૫.૯૫ લાખ ખેડુતોને રૂ.૬૧૦.૦૯ કરોડ તથા ૪૫ તાલુકાના ૪.૭૭ લાખ ખેડુતોને રૂ.૪૦૦ કરોડની ચુકવણી કરવામાં આવી છે. તેમજ પશુઓને જરૂરીયાત મુજબ ઘાસચારો તથા યુવાનોને રોજગારી માટે મનરેગા યોજના હેઠળ રોજગારી પુરી પાડવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાલુ વર્ષે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાથી ૧૧ જિલ્લાના ૫૧ તાલુકાઓને રાજ્યસરકાર દ્વારા દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા હતાં. તેમજ ૨૫૦ થી ૪૦૦ મિ.મી. સુધી વરસાદ થયો હોય તેવા ૧૬ જિલ્લાના ૪૫ તાલુકાઓને અસરગ્રસ્થ જાહેર કરાયાં હતાં. દુષ્કાળગ્રસ્ત ૫૧ તાલુકામાં પ્રતિ હેક્ટર રૂ.૬૮૦૦/-વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં ખેડુતોને ઈનપુટ સહાય તથા અસર ગ્રસ્થ ૪૫ તાલુકાઓમાં અનુક્રમે પ્રતિ હેક્ટર રૂ. ૫૩૦૦/-(૩૫૧થી ૪૦૦મી.મી. વરસાદ ધરાવતાં તાલુકા), ૫૮૦૦/-(૩૦૧ થી ૩૫૦ મી.મી. વરસાદ ધરાવતાં તાલુકા) અને ૬૩૦૦/-(૨૫૧ થી ૩૦૦ મી.મી. વરસાદ ધરાવતાં તાલુકા)માં વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં ક્રોપ ઈનપુટ સહાય આપવામાં આવશે.

**૫૧ તાલુકાના ૫.૯૫ લાખ ખેડુતોને રૂ.૬૧૦.૦૯ કરોડ તથા ૪૫ તાલુકાના ૪.૭૭ લાખ ખેડુતોને રૂ.૪૦૦ કરોડની ચુકવણી**

# રાજ્યમાં આગામી જુલાઇ સુધી પીવાના પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોને સરદાર સરોવર નર્મદા યોજના મારફત પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. આ ચોમાસામાં ઓછા વરસાદને કારણે ડેમોમાં નહિવત પાણી ભરાયું છે. સરદાર સરોવરનું કામ પૂર્ણ થતાં ૧૩૮ મીટર સુધી પાણી ભરી શક્યા છીએ, આ ઉપરાંત મધ્યપ્રદેશના ઈન્દિરા સાગર સરોવરમાંથી ગુજરાતને ભાગે પડતું પાણી મળે છે. રાજ્યમાં આગામી જુલાઈ સુધી પીવાના પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તેમણે ઉમેર્યું હતુ.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં મહેસૂલ-કૃષિ વિભાગ દ્વારા ખેડૂત લાભાર્થીઓનો ડેટા એકત્ર કરવામાં આવી રહ્યો છે. રાજ્યના અંદાજે ૭૦ લાખ જેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

**આ યોજના અંગે વિરોધીઓ કેટલીક ગેરસમજો ઊભી કરી રહ્યા છે.**

# IITEના શિક્ષકોની ખાડીના દેશોમાં ભારે માંગ એ રાજ્ય અને દેશ માટે ગૌરવ સમાન : રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલી

## IITE નો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાયો:૪૦ ગોલ્ડ મેડલ સહિત ૩૫૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

IITE ના શિક્ષકોની કુવૈત, આબુધાબી અને યુ.એ.ઈ જેવા ખાડીના દેશોમાં ભારે માંગ એ ગુજરાત અને રાષ્ટ્ર માટે ગૌરવ સમાન છે. ગુજરાતના શિક્ષકોની વિશ્વભરમાં માંગ ઉભી થાય તેવા વૈશ્વિક કક્ષાના શિક્ષકો તૈયાર કરવાના વિઝન સાથે તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલું સ્વપ્ન આજે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટિચર્સ એજ્યુકેશન (IITE)ના માધ્યમથી સાકાર થઈ રહ્યું છે તેમ ગાંધીનગર ખાતે IITE ના પ્રથમ દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીએ સંબોધન કરતાં જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રી કોહલીએ વિવિધ ફેકલ્ટીઓમાં ગોલ્ડ મેડલ અને પદવી પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભિનંદન તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપતાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં ૧૦ અને વર્ષ ૨૦૧૮માં ૧૪ વિદ્યાર્થીઓની ગલ્ફના દેશોમાં શિક્ષક તરીકે પસંદગી થઈ છે તે જ IITE ની સફળતા દર્શાવે છે. IITE દ્વારા ખાડીના દેશોના વિદ્યાર્થીઓને ઓનલાઈન ટીચર્સ ટ્રેનિંગ પણ આપવામાં આવે છે, જેના પરથી કહી શકાય કે IITE ભારતમાં જ નહિ પણ સમગ્ર વિશ્વકક્ષાએ પ્રસ્થાપિત થઈ છે. IITE એ છેલ્લા ૭ વર્ષમાં સ્પીડ,સ્કિલ અને સ્કેલમાં ખૂબ જ પ્રગતિ સાધી છે. શિક્ષણના માધ્યમથી જ માનવ અને સંસ્કૃતિનું કલ્યાણ શક્ય છે. વિશ્વની સૌથી જૂની એવી તક્ષશિલા અને નાલંદા જેવી ઉચ્ચકક્ષાની વિશ્વ વિદ્યાલયો ભારત પાસે હતી. શ્રેષ્ઠ વિદ્યાલયો અને ગુરૂકુળ જેવી શિક્ષણ પ્રાણાલીના પરિણામે આજે વિશ્વની મોટી-મોટી કંપનીઓના CEO-વડાઓ ભારતીય છે તેમ તેમણે ઉમેર્યું હતું.

શિક્ષક સંવેદનશીલ અને કુશળ હોવો જોઈએ. વિદ્યાર્થી પ્રત્યે સંવેદના ધરાવો તો જ વિદ્યાર્થીમાં માનવીયતાના ગુણો વિકસી શકે. શિક્ષણ રોજગારીની સાથે-સાથે વ્યક્તિ ઘડતર-નિર્માણનું કાર્ય પણ કરે છે તેમ પણ રાજ્યપાલશ્રી કોહલીએ જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રી કોહલીના હસ્તે દીક્ષાંત સમારોહમાં અભ્યાસમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ૪૦ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ સહિત કુલ ૩૫૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં MSC. B.ed ના ૧૧ તેમજ BSC. B.ed અને BA. B.ed ના ૩૩૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

IITEના વાઈસ ચાન્સેલર પ્રો.શશીરંજન યાદવએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, IITE ખાતે શિક્ષણની સાથે-સાથે વિવિધ વ્યક્તિ વિકાસની પ્રવૃત્તિઓ દ્વારા નેતૃત્વના ગુણો વિકસાવવાનું કાર્ય પણ થઈ રહ્યું છે. પ્રોજેક્ટ બેઈઝ્ડ લર્નિંગ કોર્ષ દ્વારા વિવિધ સંસ્થાઓની મુલાકાતે પણ વિદ્યાથીઓને લઈ જવામાં આવે છે. તાજેતરમાં વૈશ્વિક પ્લેસમેન્ટના ભાગરૂપે IITEની વધુ ૫ વિદ્યાર્થીનીઓની કુવૈતમાં પસંદગી થઈ છે તેમ જણાવી IITEની વિવિધ કોર્સ અને પ્રવૃત્તિની માહિતી આપીને પ્રો. યાદવે પદવી પ્રાપ્ત સફળ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

IITEના કુલસચિવ ડો. રવિરાજ રાજપૂરાએ આભાર વિધિ કરી હતી.

IITE સંકુલમાં આયોજિત દીક્ષાંત સમારોહમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાના વડાઓ, પ્રોફસરો, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજ્યમાં વેપાર-રોજગાર મુકતતા-ઇમાનદારીથી ચાલે તેવી નેમથી જનહિત નિર્ણયો કરીએ છીએ:- મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનું અમદાવાદ વિવિધ વેપારી મહાજનોએ રાજ્યમાં ૨૪ કલાક દુકાનો-વ્યવસાય ચાલુ રાખવા રાજય સરકારે આપેલી પરવાનગીના ક્રાંતિકારી નિર્ણય બદલ ગાંધીનગરમાં અદકેરૂં અભિવાદન કર્યુ હતું.

અમદાવાદ મહાનગર સહિત રાજ્યના ૧૦૦ જેટલા નાના-મોટા વેપારીઓએ શ્રી વિજયભાઇ રૂપાણીને આ નિર્ણય માટે અભિવાદિત કરીને હ્રદયપૂર્વકનો આભાર વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ સન્માનથી તેમને અને રાજય સરકારને પ્રજાહિત-પ્રજાકલ્યાણના કાર્યો કરવામાં નવું બળ મળ્યું છે તેમ આભાર વ્યકત કરતા ઉમેર્યુ હતું.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે વેપારી રાજ્ય તરીકેની ગુજરાતની છાપ અને પ્રગતિશીલતાના વાતાવરણમાં વેપારી વર્ગો મુકતતાથી વેપાર-વ્યવસાય કરે તેવા સુધારા લક્ષી રિફોર્મ અભિગમથી સરકારે આ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ અન્વયે લાયસન્સ રિન્યુઅલ મુકિત, હોટલોને તેમજ પેટ્રોલ પંપને પણ લાયસન્સમાંથી મુકિત જેવા જનહિત નિર્ણયોની પણ આ વેળાએ ભૂમિકા આપી હતી.

તેમણે ઉમેર્યુ કે, વેપાર રોજગાર વ્યવસાય ઈમાનદારીથી ચાલે અને મિનીમમ ગર્વમેન્ટ મેકઝીમમ ગર્વનન્સનો ધ્યેય પાર પડે તેવા અનેકાનેક નિર્ણયો સરકારે પારદર્શીતા, સંવેદનશીલતા, પ્રગતિશીલતા અને નિર્ણાયકતાથી કર્યા છે અને કરતી રહેવાની છે.

આ વેળાએ ધારાસભ્ય શ્રી બલરામભાઇ થાવાણી, વેપારી એસોસિએશનના શ્રી હર્ષદભાઇ અને અગ્રણીઓ, વેપારી વર્ગો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**૨૪ કલાક દુકાનો-વ્યવસાય ચાલુ રાખવાની પરવાનગીના ક્રાંતિકારી નિર્ણય અંગે અમદાવાદ વિવિધ વેપારી મહાજનોએ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યુ**


૧૪ પ્રકારના ક્ષેત્રોમાંથી કમાવા માંગો છો ?
જો હા... તો... વિઝીટ કરો.

www.rupiyakamao.com


# ગુજરાતને આદર્શ રાજ્ય-કલ્યાણકારી વ્યવસ્થાવાળું રાજ્ય બનાવવું છેઃ મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનું ગાંધીનગરમાં ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સ એસોસિયેશને રાજ્ય સરકારે છઁન્ કાર્ડધારકોને કાર્ડ દીઠ ૪ લીટર કેરોસીન ફાળવવાના કરેલા નિર્ણય અંગે અભિવાદન કર્યુ હતું.

આ એસોસિયેશનના રાજ્યભરના જિલ્લાઓના પ્રતિનિધિઓએ પ્રમુખ શ્રી અરવિંદભાઇના નેતૃત્વમાં મુખ્યમંત્રીશ્રીને પ્રત્યક્ષ મળીને તેમનો આભાર વ્યકત કર્યો હતો.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતમાં લોકકલ્યાણ કામો માટે સરકાર જનસહયોગથી મહત્વપૂર્ણ નિર્ણયો લઇને ગુજરાતને આદર્શ રાજ્ય-કલ્યાણકારી વ્યવસ્થાવાળું રાજ્ય બનાવવા સરકાર સંકલ્પબધ્ધ છે તેમ આભાર-સન્માનનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, ગુજરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં દેશનું રોલ મોડેલ બન્યું છે ત્યારે ગુજરાત અને ગુજરાતીઓની પ્રતિષ્ઠા વધુ ઉન્નત થાય અને સૌ સાથે મળીને રાજ્યનું પ્રજાનું ભલું કરીએ એ દિશામાં આગળ વધવું છે.

પારદર્શીતા, સંવેદનશીલતા, પ્રગતિશીલતા, નિર્ણાયકતાના ચાર સુશાસન સ્થંભ પર સરકાર ચલાવીને સૌને વિકાસની તકો આપવાની પ્રતિબધ્ધતા તેમણે આ વેળાએ દોહરાવી હતી.


# અભિનેતા બની લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક.

**જ્ઞાનવૃદ્ધિ** એટલે...

જ્ઞાનની સાથે આપના ધંધા-વ્યવસાયની જાહેરાત કરવાનું અસરકારક માધ્યમ

આ પુસ્તિકા વિનામુલ્યે દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે જે ૨૫,૦૦૦થી પણ વધારે વાચકો સુધી પહોચશે જેના દ્વારા આપના ધંધા-વ્યવસાયની માર્કેટીંગ અને પબ્લીસીટીની વ્યુહરચનાને વધુ અસરકારક બનાવે છે.

વેબસાઈટ પર પણ તમારી જાહેરાત

નાના બાળકોથી લઈને વડીલોને પણ ઉપયોગમાં આવે તેવી માહિતી તથા માર્ગદર્શન આ પુસ્તિકાને જીવીત રાખશે.

જ્યારે જ્યારે વાચક આ પુસ્તિકા વાંચશે ત્યારે તેમની નજર આપના ધંધા-વ્યવસાયની જાહેરાત પર પણ પડશે.

લાંબાગાળા સુધી આપની જાહેરાત ટકાવી રાખવા માટે

જાહેરાત માટે સંપર્ક : 8306781161

## કોર્સના મુખ્ય ફાયદા :

૧. એસોસીએટ ફર્મની એડફિલ્મમાં વિવિધ રોલ ભજવી કુલ ૨૮ એડફિલ્મોમાં લીડિંગ રોલ.
૨. ૨૮ એડફિલ્મો બાદ કાર્પોરેટ એડફિલ્મોમાં લીડિંગ રોલ - દરેક એડફિલ્મ દીઠ રૂા. ૧૦,૦૦૦/-.(બે વર્ષનો એગ્રીમેન્ટ)
૩. એસોસીએટ ફર્મના પેમ્ફલેટ તથા જાહેરાતોમાં તમારો ચહેરો છપાશે .
૪. એસોસીએટ ફર્મના સ્ટેજ શો તથા પ્રમોશનલ એક્ટીવીટીમાં એન્કરીંગ કરવાની તક. (પ્રથમ ૩ શો વિનામૂલ્યે ત્યારબાદ દરેક શો ના રૂા. ૧૦,૦૦૦/- મળશે.)
૫. કોઈ વિદ્યાર્થી રેફર કરો તો ૫% કમિશન મળશે.
૬. પ્રોફીટ શેરીંગનો લાભ.
૭. પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો એક્ટીંગ સ્ટુડિયો સેટ-અપ.

વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161



GYAN VRUDHI, DATE : 14-FEBRUARY-2019, THURSDAY, YEAR : 3, VOLUME : 1, ISSUE : 58, TOTAL PAGES : 4.
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : HEMANT Y. JOSHI, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED AT : 3519, AMBAJIMATANO PACHHAL NO VISTAR, NANI BHAGOL, AT & PO : PRANTIJ, TALUKA : PRANTIJ, 383205. DIST : SABARKANTHA. GUJARAT.